# પાટનગરની છાવણી આંદોલનકારીઓથી ઉભરાઈ

ગાંધીનગર, તા. ૧૯

ભારત માતા કી જય, હમારી માંગે પુરી કરો, રામધુન અને સુત્રોચ્ચાર કરી આજે પાટનગરની છાવણી આંદોલનકારીઓએ ગજવી મુકી હતી. વહેલી સવાર જયારે પાંચ થી વધુ સંગઠનો પોતાની પડતર માંગણીઓ મુદ્દે ગાંધીનગર આવી પહોંચતા છાવણી ખાતે પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ પણ વનરક્ષક-વનપાલ સંવર્ગના કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓના ઉકેલ માટે આવી પહોંચ્યા હતા. વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ દ્વારા રેલી અને ધરણાનો કાર્યક્રમ યોજવામાં રાજય વનરક્ષક-વનપાલ કર્મચારી મંડળ ગાંધીનગરના નેજા હેઠળ વન પર્યાવરણ મંત્રી કિરીટસિંહ રાણાને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

ગુજરાત રાજય ગ્રામ સમાવેશ કરવામાં આવે, નોકરીમાં રક્ષણ આપી સમાન કામ સમાન વેતન આપવામાં આવે, આરોગ્યલક્ષી સુવિધા આપતા પરિવાર સહિત વિમા કવચ પુરુ પાડવામાં આવે તે સહિતનો કર્મચારી ગણી વિવિધ લાભ આપવા, નિવૃતિબાદ તમામ લાભ સરકારી કર્મચારીના ધારા ધોરણ મુજબ ચુકવવા, ૪૫ વર્ષની વય મર્યાદાનો પરિપત્ર રદ કરો, સીધી ભરતી બંધ કરી મુખ્ય સેવિકામાં આવાસ બનાવી આપવા, સુરત મનપામાં ૬૯૦૦ જેટલા સફાઈ કામદારોની હાથમાં સફાઈની વ્યવસ્થા છે.ત્યારે કામદારોને રહેવા માટે માત્ર ૫૧૦ જેટલા ઘરની વ્યવસ્થા છે. સુરત મનપામાં ફરજ ઓલ ગુજરાત રાજય મધ્યાહન ભોજન કર્મચારી મંડળના નેજા હેઠળ મધ્યાહન ભોજનના કર્મચારીઓ પણ મોટીમાત્રામાં આવ્યા હતા. જેમાં મધ્યાહન ભોજનના કમચારીઓની મુખ્ય માંગમાં સમાન












થી વનરક્ષક-વનપાલ સંવર્ગના કર્મચારીઓ, ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટરો (વીસીઈ), વર્ગ-૪ કર્મચારીઓ, આંગણવાડી બહેનો, આશાવર્કર બહેનો મોટીસંખ્યામાં ગાંધીનગર ખાતે ઉમટી પડતા આંદોલનકારીઓ પાટનગરની છાવણી ઉભરાઈ ગઈ હતી. કેટલાક આંદોલનકારીઓએ સચિવાલય તરફ કુચ કરતા પોલીસે અટકાવી અંદાજીત ૨૦૦૦ જેટલા કર્મચારી ભાઈ-બહેનોની અટકાયત કરવામાં આવી હતી. છાવણી ખાતે આવી પહોંચ્યા હતા. વિવિધ સંગઠનોના આગેવાનોએ મુખ્યમંત્રી તેમજ લાગતા વળગતા વિભાગના મંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. વિધાનસભાની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે વિવિધ સંગઠનો સરકાર સામે મોરચો માંડીને બેઠા છે. ત્યારે આજે સવાર થી સાંજ સુધી છાવણી કર્મચારી-ભાઈ બહેનોથી ઉભરાઈ હતી.

પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી આવ્યો હતો. જેમાં ૨૫૦૦ થી વધુ વનવિભાગના વિવિધ સંવર્ગના કર્મચારી ભાઈ બહેનો હાજર હતા. વનરક્ષક-વનપાલની પડતર માંગણીઓમાં ગ્રેડ-પે માં વનરક્ષક-૨૮૦૦ અને વનપાલને-૪૨૦૦, રજા પગાર, પીટીએ, ડ્રેસ આર્ટીકલ, વોશીંગ એલાઉન્સ સહિત અન્ય મળવાપાત્ર ભથ્થા, નોકરીનો સમય ફિકસ કરવો, ભરતી-બઢતીનો રેસીયો સહિતના પ્રશ્નોના નિરાકરણ માટે કર્મચારીઓમાં માંગ ઉઠવા પામી હતી. ગુજરાત પંચાયત કોમ્પ્યુટર સાહસિક (ઓપરેટર)મંડળના નેજા હેઠળ રાજયભરમાંથી વીસીઈ પણ છાવણી ખાતે હજજારોની સંખ્યામાં આવી પહોંચ્યા હતા. રાજયભરના ૧૪ હજારથી વધુ ગામડામાં વીસીઈ ફરજ બજાવે છે.જયારે તેમની પડતર માંગણીમાં કમિશન બેઝ પોલીસી હટાવી ફિકસ વેતન (રૂ.૧૯,૫૦૦) આપવામાં આવે, શૈક્ષણિક લાયકાતને પગલે ભરતી અને ૧૬ વર્ષથી કામ કરતા હોવાથી કામના અનુભવને લઈ વર્ગ-૩ માં સમાવેશ કરાયો છે. જયારે વીસીઈ મંડળ દ્વારા મંત્રી જીતુભાઈ વાઘાણીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.જયારે વીસીઈ રેલી કાઢી સુત્રોચ્ચાર કરતા તેઓની મોટીસંખ્યામાં ધરપકડ કરવામાં આવી હતી.

આંગણવાડી કર્મચારી બહેનો પણ પોતાના પડતર પ્રશ્નો મુદ્દે છાવણી ખાતે આવી પહોંચી હતી. જેમાં માનદ વેતન દુર કરી કાયમી કરવા, ત્રીજા-ચોથા વર્ગના કાર્યકર જ પ્રાથમિકતા આપો, પ્રાથમિક શાળાની સાથે રજાઓનો લાભ આપવો, મોબાઈલ કે રજીસ્ટર બંને માંથી એક કામગીરી આપવી, સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે.

વર્ગ-૪ સુરત ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ પણ પડતર પ્રશ્નોના ઉકેલ નહી આવતા આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. તેમની માંગણીઓમાં સુરતમાં સફાઈ કામદારોને ઘર ન હોય તેવા કામદારોને પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી બજાવતા કર્મચારીઓને નજીકમાં રહેણાંક સ્થળ ઉભુ કરવુ જોઈએ તે સહિતની માંગણીઓ છે.જે માંગણીઓ મુદ્દે છાવણી ખાતે ધરણા યોજયા હતા. જેમાં કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

પાટનગરમાં આજનો દિવસ આંદોલનકારીઓનો હતો. હજજારોની સંખ્યામાં કર્મચારી ભાઈ બહેનો આવી પહોંચ્યા હતા. ધરણા પ્રદર્શન કરી સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવતા કેટલાક પ્રદર્શનકારીઓની પોલીસે અટકાયત કરી હતી. ત્યારે કામ સમાન વેતન પગાર વધારો છે,નાસ્તા માટે અલગથી જથ્થો અને પેશગી ચુકવવામાં આવે, કુકીંગ કોસ્ટમાં વધારો કરવામાં આવે, એનજીઓ રદ કરવામાં આવે તે સહિતનો સમાવેશ કરાયો છે. જયારે આજે કર્મચારીઓએ મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી પડતર પ્રશ્નો મુદ્દે ઝડપી યોગ્ય કરવા રજુઆત કરી હતી. વિવિધ સંગઠનો પોતાની પડતર માંગણી મુદ્દે ધરણા પ્રદર્શન માટે આવી પહોંચતા છાવણી કર્મચારીઓથી ઉભરાતી હતી.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



જો ચિત્તાને ચુંટણી પ્રચાર કરવા લગાડી દીધો છે... કદાચ આપણો પણ વારો આવશે...!!

## મહુન્દ્રા ગામે આયુષ્યમાન કાર્ડ માટે કેમ્પ યોજાયો



ગાંધીનગર,તા.૧૯

૧૯ સપ્ટેમ્બરના રોજ મહુન્દ્રા ગ્રામપંચાયત કચેરી ખાતે આયુષ્યમાન કાર્ડનો કેમ્પ ગ્રામ પંચાયત સરપંચ શ્રીમતી કૈલાસબા સોલંકી તથા અગ્રણી નરેન્દ્રસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાયો હતો આ કેમ્પમાં ડો.કૌશલભાઈ નાયક જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર પીએલવી નટુભાઈ પટેલ, તલાટી ક્રમમંત્રીની હાજરીમાં આયુષ્યમાન કાર્ડની કામગીરીમાં ગામના લાભાર્થીઓ જરૂરી પુરાવામાં આવકનો દાખલો રેશનીંગ કાર્ડ અને આધારકાર્ડ અંગે દરેક લાભાર્થીઓને લાભ લેવા સરપંચ અને ડો.કૌશલભાઈ દ્વારા મોબાઈલથી જાણ કરી વધુમાંવધુ ગામજનો લાભ લે તેવા પ્રયાસો કરી કેમ્પ સફળ બને તેવા ઉમદા સેવા કાર્યને બિરદાવ્યા હતા



ઘ-૩ સર્કલથી સિવિલ હોસ્પિટલ જવાના માર્ગે મસ મોટુ હોર્ડીંગ પવનના કારણે પડી ગયુ છે. આ હોર્ડીંગ આવતા જતા રાહદારીઓ માટે અડચણરૂપ બન્યુ છે. તાત્કાલિક તેને હટાવી લેવાની જરૂરીયાત છે.

## આહીર સમાજનો ગાંધીનગર ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, શિક્ષણ, ઉન્નત વિચારો અને પ્રગતિ માટેની ધગશ, એ કોઈ પણ સમાજની મોટી મૂડી છે.

આહીર સમાજે શિક્ષણ-તાલીમને પ્રાધાન્ય આપી રાજય સરકારની કલ્યાણકારી નીતિ, યોજનાઓ અને સુશાસનનો લાભ મેળવીને નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. ગુજરાત સરકારે વિકાસની મુખ્ય ધારામાં સૌને જોડીને વડાપ્રધાનશ્રીના સૌના સાથ, સૌના વિકાસ મંત્રને સાકાર કર્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે આયોજિત આહીર સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં સંબોધન કર્યું હતું. આહીર સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ભાવસભર અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અંત્યોદયથી સર્વોદય સાકાર કરવાની નીતિ આ સરકારે અપનાવી છે.

સરકારી યોજના ઓનો લાભ છેક છેવાડાના માનવી સુધી પહોંચે અને તેમનો પણ સર્વગ્રાહી વિકાસ થાય તેવો પ્રયાસ હર-હંમેશ આ સરકાર કરતી આવી છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસને સુદ્રઢ અને ગતિશીલ બનાવ્યો છે. કોરોનાને કારણે અનેક દેશો પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા હતા, તેવા સમયે વડાપ્રધાનશ્રીએ જે કોવિડ મેનેજમેન્ટ કરી બતાવ્યું તેની નોંધ વિશ્વના દેશોએ પણ લીધી છે. કોરોનાને અટકાવવાનાં પગલાં, વેક્સિન-નિર્માણ અને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન, જેવાં પગલાં લેવડાવીને વડાપ્રધાનશ્રીએ દેશને મહામારી માંથી સમયસર ઉગાર્યો છે.




અનેક પ્રયાસો છતાં માજી સૈનિકોનું આંદોલન ચાલુ રહ્યુ છે. દરરોજ અવનવા કાર્યક્રમો યોજી તેઓ આંદોલનને વેગ આપી રહ્યા છે. પૂર્વ સૈનિકોએ પોતાને મળેલા મેડલ રાજ્યપાલને પરત કરવા રાજભવન તરફ કૂચ કરી હતી.

## મુસ્લિમ એજ્યુકેશન વેલ્ફેર એસોસિયેશનનો તેજસ્વી તારલાં સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

'મેવા' સંસ્થાનો અઢારમો ઈનામ વિતરણ સમારોહ તા. ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બ્રહ્માણીકૃપા મેમોરીયલ હોલ, સેક્ટર-૨૩માં યોજાઈ ગયો. કાર્યક્રમનું પ્રમુખસ્થાન ફારૂકભાઈ પંજ, નાયબ બાગાયત નિયામક તથા મુખ્ય મહેમાન તરીકે ડૉ. સંજયભાઈ જે. રાવલ, આચાર્ય, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, સેક્ટર-૨૩ તથા ડૉ. પ્રો. મહેબુબ કુરેશી, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર, ઈન્ટરનેશનલ યોગા એક્સપર્ટ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ધોરણ-૧૦, ૧૨ અને ઉચ્ચ અભ્યાસક્રમમાં સારા ટકા મેળવનાર સમાજના તેજસ્વી કુલ ૫૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ-૧માં અભ્યાસ કરતા સૈયદ મોહમંદદાનીશ રસુલમીયાંએ દિલ્હી સરકારમાં રજીસ્ટર થયેલ એન.જી.ઓ. દ્વારા આયોજીત સીલ્વર ઝોન ઓલમ્પીઆડ પરીક્ષામાં ગણિત, વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનમાં ભારતમાં પ્રથમ ક્રમાંક મેળવી સુવર્ણ પદક હાંસલ કરેલ હોઈ તેની વિશિષ્ટ સિદ્ધિને બિરદાવવામાં આવી હતી. ગાંધીનગરની અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ તથા ગાંધીનગર તથા ગુડા વિસ્તારના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે વૉર્ડ-૫ (પંચદેવ વૉર્ડ)માં ગોપાલ ડેરી, સેક્ટર-૨૧થી સ્વચ્છતા અંગે જાગૃતિ માટેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૉર્ડના પ્રમુખ ધવલભાઈ શાહ, સર્વે કાર્યકર્તા મિત્રો, હેમાબેન ભટ્ટ - કોર્પોરેટર, સાથી કોર્પોરેટર કિંજલભાઈ અને કૈલાશબેન, વૉર્ડના એસ.આઈ., સબ એસ.આઈ., સફાઈ કર્મીઓ તેમજ કડી કેમ્પસના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## ગાંધી ગ્રામ જીવન યાત્રાનો ઉદઘાટન કાર્યક્રમ સોનાસણ મુકામે યોજાયો

ગાંધીનગર,તા.૧૯

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ, સાદરા દ્વારા આજે સાબર ગ્રામવિદ્યાપીઠ,સોનગઢ,સોનાસણ ખાતે ગાંધી ગ્રામજીવન પદયાત્રા -૨૦૨૨નો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો જેમા સાબરકાંઠાના લોકપ્રિય સાંસદસભ્ય દીપસિહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ,સાબરગ્રામ વિદ્યાપીઠ ના ઉપપ્રમુખ મહેશભાઈ પટેલ, સ્વદેશી જાગરણ મંચના પ્રાંત સંયોજક શ્રી ચૈતન્યભાઈ ભટ્ટ ,સાબર ગ્રામ વિદ્યાપીઠના આચાર્ય મનુભાઈ પટેલ તેમજ અન્ય મહેમાનો જોડાયા હતા. ગાંધી વિચારો અને ગ્રામીણજીવશૈલીને સમજવાના ઉપક્રમને કેન્દ્રમાં રાખીને યોજાયેલ પદયાત્રીઓને સૌ



મહાનુભાવોએ આશિર્વાદ સાથે શુભેચ્છાઓ આપી સૌને બિરદાવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમ માટે કુલનાયક શ્રી ડૉ. રાજેન્દ્ર ખિમાણી સાહેબની રાહબરીમા, સંયોજક પ્રોફેસર ડૉ. રાજેન્દ્ર જોષીના સાનિધ્યમા સંપન્ન થશે. આ તબક્કે આયોજનમા પ્રા. બળદેવ મોરી, ડૉ. મોતીભાઈ દેવુ અને ડૉ.દિવ્યેશ ભટ્ટ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી. આસપાસના ગ્રામ્ય વિસ્તારના સરપંચોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સાબર ગ્રામવિદ્યાપીઠના આચાર્ય શ્રી મનુભાઈ પટેલે સૌને મીઠો આવકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમના આયોજનમા સંસ્થાના પ્રાધ્યાપક અશ્ર્વિનભાઈ, અસીમભાઈ વગેરેનો સોહાર્દપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમનુ સંચાલન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યુ હતું.

## ચૌધરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ કોલેજ ખાતે મલ્ટી સ્પેશિયાલીટી ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા. ૧૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત, ચૌધરી ઈન્સ્ટીટયૂટ ઓફ નર્સિંગ, ગાંધીનગર તથા નવસર્જન ક્લિનીક (સરગાસણ)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત મલ્ટી સ્પેશિયાલીટી ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો હતો. જેમાં ગાંધીનગરના આજુબાજુમાં રહેતા ૩૦૦થી વધુ લોકોએ કેમ્પનો લાભ લીધો હતો.

જેમાં હૃદયરોગ, ડાયાબીટીસ, થાઈરોડ, ફેફસા, સ્ત્રીરોગ, ચામડી, વાળ, નખના રોગ તથા આંખના રોગ સહિત વિવિધ રોગોની સારવાર ઉપસ્થિત ડૉ. મૌલિતા કાપડીયા, ડૉ. ભૌમિક રાવલ, ડૉ. પ્રિયંકા વિરાણી અને ડૉ. ઉત્પલ પટેલ ઉપસ્થિત રહીને સારવાર સહિત દવાઓ આપવામાં આવી હતી. તો આ પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, સેક્રેટરી માધુભાઈ ચૌધરી, ઉપપ્રમુખ એસ.આર. ચૌધરી, મંત્રી ડી.જી. ચૌધરી તથા અન્ય ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા અને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. મયુક જૈન દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને કોલેજના સ્ટાફ તથા વિદ્યાર્થીઓ પણ આ કેમ્પમાં સહકાર આપી સફળ બનાવ્યો હતો.